Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 17,(SURAT), DATE-15/10/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-


વર્ષ-૦૩, અંક-૧૭, (સુરત), તા.૧૫/૧૦/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સુરત ગ્રામ્યમાં વિદેશી દારૂ ઝડપાયોઃલાકડાની આડમાં સંતાડેલો રૂ.૭.૫૯ લાખનો જથ્થો જપ્ત

3 ઉકાઈ તાલુકામાં રૂ. ૨૬.૨૪ કરોડના ૧૧ માર્ગ-મકાન કાર્યનું ખાતમુહૂર્ત

4 સુરતના ખેડૂતોની પાવરગ્રીડ સામે વિરોધઃવટામણ ટ્રાન્સમિશન લાઇન માટે એક પોલ દીઠ બે કરોડ વળતરની માગ

# સુરત જિલ્લાના બારડોલી ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો જાહેર અભિવાદન સમારોહ યોજાયો









## ભાજપ વિજય, વિકાસ અને વિશ્વાસનો પર્યાય છે : વિશ્વકર્મા

ચલથાણ, સુરત જિલ્લાના બારડોલી ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો જાહેર અભિવાદન સમારોહ યોજાયો : બારડોલી, સુરત તથા તાપી જિલ્લાના નિવાસીઓની સરાહના કરતાં તેમની નિખાલસતા, પ્રામાણિકતા, ખુશમિજાજ સ્વભાવ અને ખુશખુશાલ જીવનને બિરદાવ્યું.

સુરત જિલ્લા અને તાપી જિલ્લા ભાજપના સંયુક્ત ઉપક્રમે આજે બારડોલીમાં ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનો જાહેર અભિવાદન સમારોલ યોજાયો હતો.બારડોલીના નાંદીડા ચાર રસ્તા ખાતે આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડમાં આયોજિત આ કાર્યક્રમમાં આશરે ૧૯ હજારની જનમેદની વચ્ચે છલકાતો કેસરિયા માહોલ નિહાળી પ્રદેશ પ્રમુખ ગદ્ગદિત થયા હતા. કાર્યક્રમના આરંભે રાજય મંત્રી કુંવરજી હળપતિએ જનમેદનીને ભાજપની પ્રણાલી અને સંગઠન સહિત રાજય સરકારની ઉપલબ્ધિઓની વાતો જણાવી હતી. કડોદરા ચાર રસ્તા પરથી આશરે ૩૫૦ બાઈક ચાલકોની રેલી સાથે બારડોલી મુકામે પોતાના નિર્ધારિત સમયે આવી પહોંચતા પ્રમુખનુંભવ્ય સ્વાગત કરાયુંહતું. સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરત રાઠોડ દ્વારા સ્વાગત પ્રવચન કરાયા બાદ રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નવનિયુક્ત પ્રદેશ પ્રમુખની રાજકીય કારકિર્દીની વાતો કરતાં એક બૂથ કાર્યકરથી પ્રદેશ પ્રમુખની સિદ્ધિને બિરદાવી હતી. તેમણે રાજય સરકારની વિવિધ યોજનાઓ અને ઉપલબ્ધિઓ પણ જણાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ સાધુ-સંતોને વંદન કરી તેમના આશીવદિ મેળવી પ્રદેશ પ્રમુખે બારડોલી, સુરત તથા તાપી જિલ્લાના નિવાસીઓની સરાહના કરતાં તેમની નિખાલસતા, પ્રામાણિક્તા અને ખુશખુશાલ જીવનને બિરદાવ્યું હતું. ૨૯ વર્ષ પહેલાં પોતે પણ એક સામાન્ય કાર્યકર હોવાનું જણાવી તેમણે ભાજપના હજારો કાર્યકર્તાઓના કારણે પ્રદેશ પ્રમુખ પદ સુધી પહોચ્યા હોવાનું જણાવ્યું હતું.



હજારોની જનમેદની વચ્ચે છલકાતો કેસરિયા માહોલ

**ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકમાનું સુરત જિલ્લામાં પ્રથમ વખત આગમન થતાં તેમનું સુતરની આંટી પહેરાવી પુસ્તકોની ભેટ આપી ભવ્ય અને ઉત્સાહપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. સુરત અને તાપી જિલ્લા ભાજપના સંયુક્ત ઉપક્રમે બારવેલી ખાતે આયોજિત જાહેર અભિવાદન સમારોહ પહેલાં, કડોદરા ચાર રસ્તા ખાતે પ્રદેશ અધ્યક્ષ નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.**

॥ શ્રી સદ્ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
શ્રીબાલાજી
ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન
તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે
ઓર્ડર લેવામાં આવશે.

# દિવાળીમાં રાત્રિના બે કલાક જ ફોડી શકાશે ફટાકડા! ગુજરાત સરકારની ગાઇડલાઇન જાહેર

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ફટાકડા ફોડવા અંગેની નવી સૂચનાઓ જાહેર કરી છે. વાયુ અને ધ્વનિ પ્રદૂષણને અટકાવવાના ઉદ્દેશ્ય સાથે, સરકારે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું કડક પાલન કરવાનો નિર્ણય લીધો છે. આ નિયમો અનુસાર, દિવાળીની રાત્રે માત્ર બે કલાક (રાતે ૮થી ૧૦) સુધી જ ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવી છે.




રાજય સરકારની સૂચનાઓ મુજબ, પર્યાવરણ પર વિપરીત અસર અને આગ લાગવાના બનાવો ન બને તે માટે રાતના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે. આ ઉપરાંત, સરકારે વધુ ઘોંઘાટ કરતાં ફટાકડા ફોડવા પર પણ પ્રતિબંધ લગાવ્યો છે.

માત્ર સુપ્રીમ કોર્ટ દ્વારા માન્યતા પ્રાપ્ત ગ્રીન તથા ઓછા પ્રદૂષણ ઉત્પન્ન કરતાં ફટાકડાના ઉત્પાદન અને વેચાણની જ પરવાનગી રહેશે. આ ઉપરાંત ભારે ઘોંઘાટવાળા, સ્વાસ્થ્ય માટે હાનિકારક અને વધુ પ્રદૂષણ ફેલાવતા બાંધેલા ફટાકડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જયારે ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે અને તેઓએ માત્ર માન્ય રાખવામાં આવેલા ફટાકડાનું જ વેચાણ કરવાનું રહેશે.

# માંડવી ખાતે ભારતીય જનતા પાર્ટી ૧૫૭ માંડવી વિધાનસભાનો કાર્યકર્તા સંમેલન મંત્રી કુવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં યોજાયું

**દક્ષેશ પટેલ, માંડવી-** આ કાર્યક્રમમાં માંડવી તાલુકાના કોગ્રેસ તાલુકાના કોગ્રેસના દિગ્ગજ નેતા શંકરભાઈ ચૌધરી તથા માજી જિલ્લા પંચાયત સભ્ય અરવિંદ રાઠોડ ની આગેવાની હેઠળ અંદાજે ૪૦૦ જેટલા કાર્યકરોએ કોગ્રેસનો હાથ છોડી ભાજપનો ખેસ ધારણ કર્યો



આવનાર તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં માંડવી અરેઠ બંને તાલુકા પંચાયત ભાજપ કબજે કરશે: મંત્રી કુંવરજીભાઈ હળપતિ. માંડવી ખાતે ભારતીય જનતા પાર્ટી ૧૫૭ માંડવી વિધાનસભા નો કાર્યકર્તા ઓનું સંમેલન મંત્રી કુવરજીભાઈ હળપતિ ના કાર્યાલય સામે મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ ના અધ્યક્ષ અને યોજાયું હતુ જેમાં સાંસદ પ્રભુભાઈ વસાવા સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ તથા મહામંત્રી રાજેશભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં યોજાય હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ એ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને સંસદ પ્રભુભાઈ વસાવા એ ભાજપ સરકાર દ્વારા વણથંભી વિકાસ ગાથાની માહિતી આપી હતી. કાર્યક્રમના અધ્યક્ષ મંત્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતુ કે ૨૪ વર્ષ અગાઉ માંડવીની શું હતી અને હાલની પરિસ્થિતિ શું છે જે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સતત ચાલી રહેલ વિકાસના કારણે થઈ છે અને આ પ્રસંગે માંડવી તાલુકા કોગ્રેસના દિગ્ગજ નેતા શંકરભાઈ ચૌધરી તથા અરવિંદભાઈ રાઠોડ એ ભાજપ સરકારની વિકાસ ની નીતિ ના કારણે તેમની આગેવાનીમાં ૪૦૦ થી વધુ કાર્યકરોએ કોગ્રેસને રામરામ કરી ભાજપનો ભગવો ખેસ ધારણ કરી કોગ્રેસના સૂપડા સાફ કર્યા છે. આ પ્રસંગે માંડવી નગર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ અને અનિલભાઈ ચૌધરી તેમજ સંગઠનના હોદ્દેદારો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## તાપી-સોનગઢ તાલુકાના હિંદલા આશ્રમ શાળામાં

# પ્રકૃતિ શિક્ષણ સાથે વૃક્ષારોપણ અને દુર્લભ વનસ્પતિ બીજ/ સીડ બોલ નું વિતરણ કરાયું

**દક્ષેશ પટેલ, માંડવી** પર્યાવરણ પ્રેમી વિજેશભાઈ ગામીત દ્વારા શાળાના બાળકોને પ્રકૃતિ શિક્ષણ સાથે,'એક પેડ માં કે નામ ' ની થીમ પર વધુ ને વધુ વૃક્ષો વાવવા નું સંદેશો સાથે પર્યાવરણ બચાવવા માટે સંકલ્પ કર્યા .



વૈશ્વિક મહામારીમાં આજે આખો વિશ્વ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેન્ટ ચેન્જ, કોરોના જેવી મહામારી સમસ્યાનો સામનો કરી રહ્યા છે ત્યારે તમામ જીવોને આપણે બચવા માટે સૌએ સહભાગી બની આપણી પૃથ્વી અને પર્યાવરણ બચાવવા એક માત્ર ઉપાય વધુ ને વધુ વૃક્ષો વાવવા તેમજ આપણ ને વારસામાં મળેલી અમુલ્ય કુદરતી વનસંપદા ને સાચવવી, જાળવણી અને સંરક્ષણ કરીએ.

ઉપસ્થિત સ્વામી નિજાનંદ ગીરી મહારાજ (વાસણા) શ્રી યોગીજી (પાટણ), ગ્રામજનો, વાલીઓ, શાળા ના બાળકો,મ.શિ.શ્રીમતી મેથાબેન કે. ગામીત, ચેતનીયો વિનોદ સાદાતીયો, તથા લીલાબેન હાજર રહ્યા. આશ્રમ શાળા ના આચાર્ય શ્રી નગીનભાઈ બી વસાવા સાહેબ દ્વારા કાર્યક્રમ ઉપસ્થિત તમામને આભાર માન્યો.

ગુજરાત
આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક
અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in
ATMIYA
PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808
ખેતીલાયક જમીન. ફાર્મ હાઉસ.
દુકાન પ્લોટ ફ્લેટ. રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે.
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# શ્રી વીર શિરોમણી મહારાણા પ્રતાપ સ્મારક અભિયાન અંતર્ગત ૨૬ મી ભવ્ય પ્રતિમાનું સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કીમ વડોલી વાંક ખાતે આનાવરણ કરવામાં આવ્યું





















આ ઐતિહાસિક પ્રસંગે મુખ્ય મહેમાનો તરીકે રાષ્ટ્રવાદી જનલોક પાર્ટી (RJP) ના સંયોજક શ્રી શેરસિંહ રાણા ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ ની વિશેષ ઉપસ્થિતિમાં મહારાણા પ્રતાપસિંહની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

શ્રીમતી રાજે જીતેન્દ્રસિંહજી રાવલ (સરકાર સાહેબ), શ્રી ચંદ્રવીરસિંહ નમાના, રાષ્ટ્રીય અધ્યક્ષ, મહારાણા પ્રતાપ સ્મારક અભિયાન ગુજરાત સરકારના માનનીય મંત્રી - શ્રી મુકેશ પટેલ, શ્રી શેરસિંહ રાણા, રાષ્ટ્રીય સંયોજકઃ આરએલપી, શ્રીમતી તૃપ્તિબા રાઓલ

મહિલા પ્રમુખઃ ગુજરાત સંકલન સમિતિ, શ્રી અર્જુનસિંહ ગોર્ડ, રાજય પ્રમુખઃ રાજસ્થાન સરપંચ સંઘ, શ્રી રાજ શેખાવત, રાષ્ટ્રીય પ્રમુખઃ ક્ષત્રિય કરણી સેના, શ્રી કાનસિંહ ચુંડાવત, પ્રમુખઃ અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા દક્ષિણ ગુજરાત કરણી સેના પ્રમુખશ્રી મેહુલસિંહ દેસાઈ પ્રવક્તા પ્રિન્સ મહિડા. જશપાલસિંહ પરમાર તુમીરસિંહ સોલંકી ક્રિપાલસિંહ દેસાઈ તેમજ કામરેજ વિભાગ રાજપૂત સમાજના પ્રમુખ ઈન્દ્રસિંહ ચૌહાણ ઓલપાડ રાજપુત સમાજ તેમજ આજુબાજુ ખૂબ મોટી સંખ્યામાં ક્ષત્રિય રાજપૂત સમાજની વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમ ની શોભા વધારી હતી.

મહેમાનોની હાજરીએ કાર્યક્રમની ભવ્યતામાં વધારો કર્યો. આ કાર્યક્રમ રાજપૂત શૌર્ય, બલિદાન અને ગૌરવની અમર ગાથાને જીવંત કરે છે. આ કાર્યક્રમને સફળ બનાવનારા તમામ આયોજકો, સ્વયંસેવકો અને ઉપસ્થિ મહેમાન નો હૃદયપૂર્વક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત ઓલપાડ તાલુકા વિભાગ રાજપૂત સમાજ દ્વારા કરવામાં હતી

આયોજકોઃ મહારાણા પ્રતાપ સ્મારક સમિતિ, ઓલપાડ, જય સોમનાથ રાજપૂત સેવા મંડળ, કીમ.

**ઓલપાડ રાજપુત સમાજ તેમજ આજુબાજુ ખૂબ મોટી સંખ્યામાં ક્ષત્રિય રાજપૂત સમાજની વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમ ની શોભા વધારી હતી.**

## ૧ નવેમ્બરથી ડાંગર, બાજરી, જુવાર, સહિતની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે, રૂ. ૩૦૦ નું બોનસ પણ મળશે

રાજયના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં રાજયના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫- ૨૬માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે.



લઘુતમ ટેકાના ભાવે ખરીદી માટે આ વર્ષે ડાંગર-કોમન માટે રૂ. ૨૩૬૯ પ્રતિ ક્વિન્ટલ, ગ્રેડ-એ ડાંગર માટે રૂ. ૨૩૮૯ પ્રતિ ક્વિ., મકાઈ રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિ., બાજરી રૂ.૨,૭૭૫ પ્રતિ ક્વિ., જુવાર-હાઈબ્રીડ રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વિ., જુવાર માલદંડી રૂ.૩,૭૪૯ પ્રતિ ક્વિ. તથા રાગી માટે રૂ. ૪,૮૮૬ પ્રતિ ક્વિન્ટલની કિંમત નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજય સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦નું બોનસ પણ આપવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છતા ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ટઈઉ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે આવતીકાલ ૧થી ૩૧ ઓકટોબર ૨૦૨૫ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ નોંધણી કરવામાં આવશે. આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી ૧ નવેમ્બર ૨૦૨૫થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરવામાં આવશે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઇ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજયના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તેઓએ ઓનલાઇન નોંધણી કરાવવી ફરજિયાત છે,

## સુરત ગ્રામ્યમાં વિદેશી દારૂ ઝડપાયોઃલાકડાની આડમાં સંતાડેલો રૂ.૭.૫૯ લાખનો જથ્થો જપ્ત

બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસે મોટા બોરસરા ગામની સીમમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. એક અશોક લેલન્ડ ટેમ્પોમાંથી લાકડાની આડમાં સંતાડેલો રૂ. ૭.૫૯ લાખનો દારૂ મળી આવ્યો હતો. આ કાર્યવાહીમાં કુલ રૂ.૧૦.૮૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સૂચના બાદ કોસંબા પોલીસે પોતાના વિસ્તારમાં પેટ્રોલિંગ વધાર્યું હતું. આ દરમિયાન, એ.એસ.આઇ. અશોકભાઈ ભરતભાઈ અને અ.પો.કો. કેશુભાઈ દેવુભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે મોટા બોરસરા ગામની સીમમાં ક્રિષ્ના એપાર્ટમેન્ટની બાજુમાં આવેલા આર.સી.સી. રોડ ઉપર એક અશોક લેલન્ડ ટેમ્પો ઉભો છે, જેમાં લાકડાની આડમાં ચોર ખાનામાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે.

બાતમીના આધારે પોલીસે સદર જગ્યાએ રેડ કરી ટેમ્પાની તપાસ કરતા, અલગ અલગ પુઠાના બોક્સમાં વગર પાસ પરમીટનો ભારતીય બનાવટની અલગ-અલગ કંપનીની શીલબંધ લેબલવાળી ઇંગ્લીશ દારૂ વ્હીસ્કી/બીયરની ૨૮૩૬ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂ.૭,૫૯,૩૬૦ આંકવામાં આવી છે. આ ઉપરાંત, પોલીસે રૂ.૩,૦૦,૦૦૦ નો ટેમ્પો, રૂ.૧૮,૦૦૦ ના લાકડા, રૂ.૫,૦૦૦ નો મોબાઈલ ફોન અને રોકડા રૂ. ૬૦૦ મળી કુલ રૂ. ૧૦,૮૨,૯૬૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે આ કેસમાં પ્રવિણકુમાર કિશનલાલ બિશનોઈ (ઉ.વ.૨૨, ધંધો-ડ્રાઇવિંગ, રહે. દાદરા, મૂળ રાજસ્થાન) નામના આરોપીની ધરપકડ કરી છે. દારૂનો જથ્થો પૂરો પાડનાર શ્રવણ સુથાર (રહે. દાદરા) અને દારૂનો જથ્થો મંગાવનાર અજાણ્યા ઈસમ વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Date-15/10/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

### આખાય ભારતમાં ભણવું-શિક્ષણ લેવું એ કેટલું તણાવદાયી અને નીચોવી નાખનારું છે

આખાય ભારતમાં ભણવું-શિક્ષણ લેવું એ કેટલું તણાવદાયી અને નીચોવી નાખનારું છે એ આપણે સૌ જાણીએ છીએ. ગળાકાપ હરીફાઈ વિદ્યાર્થીઓની તંદુરસ્તીનો અને માનસિક શાંતિનો ભોગ લઈ રહી છે. એક બાળક મોટું થાય અને ૧૧મા ધોરણમાં આવે અને સૌની ગમતી સાયન્સ શાખામાં પ્રવેશ મેળવે એટલે એના પરનું દબાણ વધી જાય છે. માતાપિતાઓ કે વાલીઓ પોતાના સંતાનના અભ્યાસ-શિક્ષણ પ્રત્યે વધારે પડતા સાવધ અને કાળજી કરતાં થઈ જાય છે અને સ્કૂલ કે કોલેજનો અભ્યાસક્રમ શરૂ થતાની સાથે જ એ ભણતરને પૂરક નીવડે એવું, સપ્લિમેન્ટરી એવું કશું શોધવાના પ્રયાસમાં શ્રેષ્ઠ કોચિંગ ક્લાસ કે સેન્ટરની શોધમાં લાગી પડે છે. આવું એટલા માટે થાય છે કે, માતાપિતા એમનું સંતાન ૧૨મું ધોરણ પૂર્ણ કરતાની સાથે તેમનાં શહેરની કે દૂરના શહેરની શ્રેષ્ઠ એન્જિનિયરિંગ કે મેડિકલ કોલેજમાં ભણતું હોવાનું શમણું જોતાં હોય છે. આવું લગભગ દરેક વિદ્યાર્થી સાથે બને છે. માતાપિતાના શમણાની સાથે વિદ્યાર્થી પણ બીજાઓ કરતાં આગળ રહેવાની સ્પર્ધામાં જાણે-અજાણે જોડાઈ જ ગયો હોય છે. વિદ્યાર્થીઓ અને માતાપિતાના આવા શમણાંને સંતોષવા માટે કોચિંગ સેન્ટરો કે ક્લાસો જ શ્રેષ્ઠ સંભવિત વિકલ્પ છે.

આવી ખાનગી શિક્ષણ સંસ્થાઓનાં પાટિયા કોઈ પણ શહેરના દરેક નુક્કડ અને ગલીના ખૂણે લટકતાં જોવા મળે છે અને દરેક સંસ્થા શહેરની બીજી કોઈ શિક્ષણ સંસ્થા નહીં આપી શકે એવું કડકડતું અને શ્રેષ્ઠ ભવિષ્ય તમારા સંતાનને આપવાનું વચન આપે છે... પણ બાળકને શિક્ષણ અને જ્ઞાન આપવાના હેતુ સાથે શરૂ કરાયેલી આ શિક્ષણ સંસ્થાઓ આજે એ હેતુથી ખાસ્સી દૂર હોવાનો અનુભવ તમારામાંથી અનેક જણને થયો હશે! આ સંસ્થાઓ, આમાંની કેટલીક સંસ્થાઓ રૂમની મેકિંગ બિઝનેસ નો હેતુ સાકાર કરનારી અને અપવાદરૂપ સુવિધાઓ સાથે અપવાદ રૂપ શિક્ષણ આપવાનાં પોકળ વચનો આપી લોકોને ખો આપી દેનારી બની રહી હોવાનું વારંવાર અને જુદા જુદા અહેવાલોમાં જણાવાયું છે. એક નિષ્ણાતે તો ત્યાં સુધી કહ્યું છે કે, રૂઆ સંસ્થાઓ જે ફી વસૂલે છે તે એટલી મોટી હોય છે કે તેની સામે તેના દ્વારા અપાતું શિક્ષણ એ ફીની તુલનામાં ચણા-મમરાપણ ન આવે એટલું અને એવું હોય છે.

આવા અહેવાલો અને સર્વેક્ષણોમાંથી હાથ આવેલા નિષ્કર્ષોને માની લઈએ તો એવો મહત્ત્વનો સવાલ ઊભો થાય છે કે, આવા કોચિંગ ક્લાસો કે સેન્ટરો એક વિદ્યાર્થીનું ભાવિ ઘડવામાં શું ખરેખર મહત્ત્વની ભૂમિકા ભજવે છે? હવે તો પાછું ઓનલાઈન કોચિંગનો જમાનો આવ્યો છે ત્યારે અન્ય એક અહેવાલ જણાવે છે કે, ખાનગી કોચિંગનો પ્રસાર થવાને પગલે શિક્ષણ ઉદ્યોગમાં એક સમાંતર શિક્ષણ ઉદ્યોગ વિકસ્યો છે, જેનું નામ કોચિંગ છે અને એને કારણે વિદ્યાર્થીઓમાં ભણતર સંબંધી વાતાવરણ સુધર્યું છે અને હવે તો ઓનલાઈન શિક્ષણજૂથોના આગમન પછી શિક્ષણ ક્ષેત્રમાં ખાસ્સો સુધારો જોવાયો છે! ખેર, આ વાત શીરાની જેમ ગળે ઊતરી જાય એવું અનેકોને નથી લાગતું, કારણ કે હજી સંશોધનો આનાથી વિપરીત ચિત્ર દેખાડે છે.

આપણે થોડાં વર્ષો પાછળ જઈએ તો જોવા મળશે કે લોકમાન્ય બાળ ગંગાધર ટિળકે માંડલેની જેલમાંથી એટલે કે લગભગ ૧૯૧૨ના સુમારે તેમના સંતાનોનાં ભણતરની ચિંતા વ્યક્ત કરતાં પત્રો લખ્યા હતા. ટિળક જેલમાં હતાં અને તેમનાં પત્ની હયાત નહોતાં. એમને સંતાનોના પાલનપોષણની અને ખાસ કરીને એમનાં શિક્ષણની બહુ ફિકર થતી. એમાં પણ સંતાનોનું મેટ્રિકનું વર્ષ હતું એટલે જાતે હાજર ન હોઈને સંતાનોના ભણતર વિશે સતત વિચારતા રહેતા હતા. એનો અફસોસ પણ વ્યક્ત કરતા હતા. મેટ્રિકમાં ભણતાં સંતાનોએ વધારાનો, એક્સ્ટ્રા કે પૂરક અભ્યાસ કરવો એ વિચાર એ કાળમાં પણ એટલો જ પ્રચલિત હતો જેટલો આજે છે. આજે એ વિચારે સંચાર માધ્યમોની ઝડપી ગતિશીલતાને પગલે ટેન્શનનું સ્વરૂપ લીધું છે. માતાપિતાઓનાં આવા ટેન્શનોમાંથી ખાનગી કોચિંગ ક્લાસ રૂબિઝનેસ સેક્ટર બન્યાં છે ત્યારે એવું પણ બન્યું છે કે, ખરા અર્થમાં મન દઈને વિદ્યાર્થીઓને પૂરક જ્ઞાન-શિક્ષણ આપતી સંસ્થા વિરુદ્ધ વધારે કલાકો ભણાવવામાં બાળકોનો સમય ખર્ચ કરાવવાનો આક્ષેપ કરીને કેસ કરાયો હોય.

પ્રામાણિક્તા સામે આવો કેસ કરાતો હોય ત્યારે એમાં કોના કોના હિત હોઈ શકે એવો સવાલ અવશ્ય થાય. આવા સવાલના સમયગાળામાં જ ખાનગી શિક્ષણ વર્ગો (કોચિંગ ક્લાસો) સંબંધે એક અહેવાલ બહાર આવ્યો હતો, જેમાં આવા ક્લાસોના નિયંત્રણ માટેનો પ્રસ્તાવિત કાયદો, એમાંની જોગવાઈઓ અને આક્ષેપો તથા એ કાયદાના અમલમાં ઢીલ વગેરેનો મામલો ફરી ચર્ચાની પતંગ બન્યો છે.


ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

• ૫-સિટર • ૭-સિટર •





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


# કડોદરામાં ૧૭.૪૪ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્તઃ પૂર્વ કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરાયું





**બારડોલી-** કડોદરા નગરપાલિકા વિસ્તારમાં સોમવારે ૧૭.૪૪ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. બારડોલીના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે અકળામુખી હનુમાનજી મંદિર પાછળ આ કાર્યક્રમ યોજાયો હતો.આ વિકાસ કાર્યો શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ નિમિત્તે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ હેઠળ હાથ ધરવામાં આવશે.

ખાતમુહૂર્ત કરાયેલા કાર્યોમાં સીએનજી પમ્પથી મહાલક્ષ્મી સોસાયટી સુધીના કેનાલ રોડનું ૩.૭૮ કરોડ રૂપિયાના ખર્ચે બ્યુટીફિકેશનનો સમાવેશ થાય છે. આનાથી શહેરના આ ભાગનું સૌંદર્ય વધશે અને નાગરિકોને સુગમ માર્ગ મળશે. વધુમાં, નેશનલ હાઈવે નંબર ૪૮થી હનુમાન મંદિર વોટર વર્ક્સ સુધીના રોડ બ્યુટીફિકેશન માટે ૧.૫૫ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ હાથ ધરાશે, જે મુખ્ય માર્ગની સુંદરતા અને સુવિધામાં વધારો કરશે.

કડોદરા નગરના વિવિધ વિસ્તારોમાં રોડ, સ્ટ્રીટ લાઇટ, પેવર બ્લોક અને ગટર લાઇનના કામો માટે ૨.૬૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આનાથી નગરના રસ્તાઓ, રાત્રીની રોશની અને ગટર વ્યવસ્થામાં સુધારો થશે. પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ હેઠળ ૯.૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ૨૪૫ આવાસનું નિર્માણ કરવામાં આવશે, જે નાગરિકોને પોસાય તેવા આવાસની સુવિધા પૂરી પાડશે.

આ પ્રસંગે કડોદરા નગરપાલિકાના પ્રમુખ નારાયણી શર્મા, પૂર્વ અધ્યક્ષ અંકુર દેસાઈ, ચૂંટાયેલા પદાધિકારીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસ કાર્યોથી કડોદરા નગરના નાગરિકોના જીવનધોરણમાં સુધારો થશે અને શહેરનું સૌંદર્ય વધશે.આ પ્રયાસો શહેરી વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે કડોદરાને વધુ આધુનિક અને સુવિધાસંપન્ન શહેર બનાવવામાં મદદરૂપ થશે.

**દિવાળીના તહેવારોના રંગમાં વરસાદનો ભંગ પડી શકે!**

## ૧૬ થી ૧૯ ઓક્ટોબર સુધી સામાન્ય વરસાદની શક્યતા, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કમોસમી માવઠાનો માર



હવામાન વિભાગ દ્વારા દિવાળીના તહેવારોના રંગમાં વરસાદનો ભંગની આગાહી કરવામાં આવી છે. કમોસમી માવઠાના મારની અસર દિવાળીમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ૧૬ થી ૧૯ ઓક્ટોબરના સામાન્ય વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આગામી ૧૬થી ૧૯ ઓક્ટોબરના દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા રહેશે. રાજયમાં અત્યારે થન્ડર સ્ટ્રોમ એક્ટિવિટીની શક્યતા રહેશે. સૌરાષ્ટ્રમાં ૧૭થી ૧૯ ઓક્ટોબરના સામાન્ય વરસાદની શક્યતા રહેશે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ.કે દાસના જણાવ્યા અનુસાર, રાજયમાં આગામી ૭ દિવસમાં તાપમાન યથાવત રહેશે. જયારે લઘુત્તમ તાપમાન આગામી બે દિવસ યથાવત રહેશે. આગામી બે દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો

**વિકાસ સપ્તાહ-૨૦૨૫- નવસારી જિલ્લો**

## ગણદેવીના ધારાસભ્ય નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ચીખલી તાલુકાના રૂમલા મુકામે વિકાસ સપ્તાહ કાર્યક્રમ યોજાયો



નવસારી-સમગ્ર રાજયમાં તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ઉજવાઈ રહેલા વિકાસ સપ્તાહ અંતર્ગત રવિવારે ચીખલી તાલુકાના રૂમલા ગામે ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વિકાસ સપ્તાહ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગ્રામજનોએ વિકાસરથનું ઉત્સાહભેર સ્વાગત કર્યુ હતું.

આ પ્રસંગે વિકાસ સપ્તાહ કાર્યક્રમમાં ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશ પટેલે લોકોને પ્રેરક માર્ગદર્શન આપી વિકાસની વાત રજૂ કરી હતી અને લોકોને કેન્દ્ર-રાજય સરકારની યોજનાઓનો લાભ લેવા અપિલ કરી હતી. આ અભિયાન અંતર્ગત જિલ્લાના ગામે ગામ વિકાસ રથ ભ્રમણ કરશે અને રાજય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો પ્રચાર અને પ્રસાર કરશે. આ કાર્યક્રમ દરમિયાન શોર્ટફિલ્મ દ્વારા ગ્રામજનોએ સરકારની વિવિધ યોજનાઓ અને સિદ્ધિઓ વિશે માહિતી મેળવી હતી અને લોકોને પ્રસાર સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાભાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. આપણે સૌએ સાથે મળીને ભારત વિકાસ પ્રતિજ્ઞા લઇને વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે ગણદેવી તાલુકા વિકાસ અધિકારીશ્રી ચેતન દેસાઇ, સ્થાનિક પદાધિકારીઓ, વિવિધ વિભાગોના સ્થાનિક અધિકારીઓ, કર્મચારીઓ, તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## ઉકાઈ તાલુકામાં રૂ. ૨૬.૨૪ કરોડના ૧૧ માર્ગ-મકાન કાર્યનું ખાતમુહૂર્ત



સોનગઢ- તાપી જિલ્લાના ઉકાઈ તાલુકામાં ‘વિકાસ સપ્તાહ’ની ઉજવણીના ભાગરૂપે માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા કરોડોના વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

રાજયકક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે કુલ રૂ. ૨૬.૨૪ કરોડના ખર્ચે થનારા ૧૧ રસ્તા અને મકાન સંબંધિત કાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ રસ્તાની કુલ લંબાઈ ૧૭.૩૫ કિલોમીટર જેટલી છે, જેનાથી ઉકાઈ તાલુકાના અનેક ગામોને ઉત્તમ માર્ગની સુવિધા મળશે. નવા બનનાર રસ્તામાં પાંચપીપળા ચાર રસ્તાથી ધાસીયામેઢાને જોડતો ડામર રોડ (રૂ. ૧૫૦ લાખ),મેન હાઇવેથી પાંચપીપળા સુધી વાઈડનીંગ રોડ (રૂ. ૨૫૦ લાખ), ભાણપુરથી ધાસીયામેઢાને જોડતો રસ્તો (રૂ. ૩૨૦ લાખ), શીશોરથી ખોડતળાવને જોડતો રસ્તો (રૂ. ૮૫ લાખ), તેમજ જમાપુર, વાઝરડા અને વાઘનેરા વિસ્તારના વિવિધ રસ્તાનો સમાવેશ થાય છે.

એ સાથે ૬૩૦ લાખ ના ખર્ચે ભાણપુર એપ્રોચ રોડ પર મેજર બ્રિજનું કામ કરવામાં આવનાર છે અને વાઘનેરા ગામે સુવિધાયુક્ત લાઈબ્રેરી મકાન બનાવવાનું કામ પણ રૂપિયા રૂ. ૨૦ લાખ ના ખર્ચે શરૂ થનાર છે.

કુંવરજીભાઈ હળપતિએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ વિકાસ કામોથી આદિવાસી અને ગ્રામીણ વિકાસને વેગ મળશે તથા નાગરિકોને અવર-જવરની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે.

# તાપી જિલ્લામાં પ્રથમ વખત સ્ટેપ એડોપ્શન હેઠળ દત્તક આદેશ એનાયત

**અડોપ્શન રેગ્યુલેશન ૨૦૨૨ અંતર્ગત કલેક્ટરશ્રીએ સ્ટેપ ફાધરને કાયદેસર દત્તક આદેશ આપીને તાપીમાં બાળ સુરક્ષાના ક્ષેત્રમાં ઐતિહાસિક પગલું ભર્યુ**



**તાપી -** જિલ્લા બાળ સુરક્ષા એકમ, તાપી દ્વારા અડોપ્શન રેગ્યુલેશન-૨૦૨૨ મુજબ પ્રથમ વખત સ્ટેપ એડોપ્શન (સાવકા માતા અથવા પિતા દ્વારા બાળકને કાયદેસર દત્તક લેવાની પ્રક્રિયા) અંતર્ગત તાપી જિલ્લામાં ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગના હસ્તે તાપી જિલ્લાના પ્રથમ સ્ટેપ ફાધર ને કાયદેસર દત્તક આદેશ એનાયત કરવામાં આવ્યો હતો. કલેક્ટરશ્રીએ દત્તક લેનાર વાલીઓને બાળકોના ઉજ્જવલ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને જિલ્લા બાળ સુરક્ષા એકમની ટીમને આ નવી દિશામાં કરેલા સકારાત્મક પ્રયત્નો બદલ અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી એલ.બી. પટેલે જણાવ્યું હતું કે અગાઉ બાળકને દત્તક લેવાની સંપૂર્ણ પ્રક્રિયા કોર્ટ મારફતે થતી હતી. પરંતુ અડોપ્શન રેગ્યુલેશન-૨૦૨૨ અમલ બાદ, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની સ્વાયત્ત સંસ્થા સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી દ્વારા નક્કી કરાયેલા માર્ગદર્શિકા મુજબ હવે દત્તક આદેશ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા જ એનાયત કરવામાં આવે છે.

નોંધનીય છે કે, સોનગઢ તાલુકાના એક પરિવારે બે બાળકોને કાયદેસર રીતે દત્તક લેવા CARA પોર્ટલ મારફતે ઓનલાઇન અરજી કરી હતી. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી વિજય રાઠોડની દેખરેખ હેઠળ સુરક્ષા અધિકારી (બિન-સંસ્થાકીય સંભાળ) શ્રી અનંત નાયક દ્વારા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. બાદમાં CARA તરફથી મળેલ પ્રિ-અપ્રુવલ લેટર બાદ દત્તક આદેશ માટેની ફાઈલ જિલ્લા કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ, જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગના હસ્તે તાપી જિલ્લાના પ્રથમ સ્ટેપ ફાધર ને દત્તક આદેશ એનાયત કરવામાં આવ્યો જે જિલ્લાનાં બાળક સુરક્ષા ક્ષેત્રમાં એક નવી દિશા અને પ્રેરણાત્મક ઉદાહરણ તરીકે નોંધાયું છે.

Date-15/10/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## બલેશ્વરથી ૩.૨૭ લાખના દારૂ સાથે કાર ચાલક ઝડપાયો

**બારડોલી-** પલસાણા પોલીસની ટીમે બલેશ્વર ગામની સીમમાં નેશનલ હાઇવે નંબર ૪૮ પરથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. કારમાંથી ૩.૨૭ લાખથી વધુનો દારૂ મળી આવ્યો હતો.

પલસાણા પોલીસની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, નવસારી તરફથી એક ટોયોટો કંપનીની ઇનોવા કાર નંબર જીજે ૫ આરકે ૦૯૫૫ની આવે છે અને જેમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે. તે સુરત તરફ જનાર છે.

આ બાતમીના આધારે પોલીસે બલેશ્વર ગામના પાટિયા પાસે વાહન ચેકિંગ કરતાં હતા તે સમયે બાતમી મુજબની કાર આવતા પોલીસે તેને રોકી તલાશી લેતા અંદરથી ૧૦૦૮ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ. ૩ લાખ ૨૭ હજાર ૬૦૦ મળી આવ્યો હતો.

પોલીસે કાર ચાલક ઉર્મિત લાભુભાઈ કથીરિયા (ઉ.વ.૨૪, રહે ગોકુળ ધામ સોસાયટી, મોટાવરાછા, સુરત)ની અટક કરી હતી આ દારૂ દિવ્યેશ નામના ઈસમે ભરાવી આપ્યો હતો અને અને શૈલેષ રાદડીયા અને ભદ્રેશ દેસાઇએ મગાવ્યો હતો.

પોલીસે ત્રણેયને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે વિદેશી દારૂ ઉપરાંત પાંચ લાખની કિંમતની કાર અને ૪૨૦ રૂપિયા રોકડા મળી કુલ કિંમત રૂ. ૮ લાખ ૨૮ હજાર ૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## પલસાણાના વાંકાનેડા ગામે વિકાસ રથનું ભવ્ય સ્વાગત: વિકાસ સપ્તાહ અંતર્ગત યોજનાઓના લાભોનું વિતરણ કરાયું




**બારડોલી-** સુરત જિલ્લાના પલસાણા તાલુકાના વાંકાનેડા ગામે વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિકાસ રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સરકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું અને ગ્રામજનોએ વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજયની સફળ વિકાસ યાત્રાના ૨૪ વર્ષની ગૌરવપૂર્ણ ઉજવણીના ભાગરૂપે રાજયભરમાં 'વિકાસ સપ્તાહ' મનાવવામાં આવી રહ્યો છે. આ ઉજવણીનો મુખ્ય હેતુ સરકારી યોજનાઓના લાભોને ગ્રામ્ય સ્તર સુધી પહોચાડવાનો છે.

વાંકાનેડા ગામે પ્રાંત અધિકારી વી.કે.પીપળીયાની અધ્યક્ષતામાં વિકાસ રથનું સ્વાગત કરાયું હતું. ગામની કુમારિકાઓએ કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ વડે વિકાસ રથ અને મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ અવસરે પ્રાંત અધિકારી શ્રી પીપળીયાની ઉપસ્થિતિમાં ગ્રામજનોએ રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થવાની અને સર્વાંગી વિકાસના લક્ષ્યોને હાંસલ કરવાની સામૂહિક પ્રતિજ્ઞા લીધી.

આ કાર્યક્રમ દરમિયાન ગામના લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના લાભોનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું. લાભાર્થીઓએ ઘર આંગણે મળેલા આ લાભો બદલ આનંદ વ્યક્ત કર્યો અને જણાવ્યું કે આ યોજનાઓએ તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી તેમને વિકાસની મુખ્ય ધારામાં જોડાવવાની તક પૂરી પાડી છે.

વિકાસ રથ દ્વારા ગ્રામજનોને મોડી રાત્રિ સુધી વિકાસલક્ષી યોજનાઓ અને તેની સમજ આપવામાં આવી હતી. રાત્રિ રોકાણ બાદ સોમવારે સવારે વિકાસ રથ આગળના ગંતવ્ય સ્થાન માટે પ્રસ્થાન થયો હતો.

## સુરતના ખેડૂતોની પાવરગ્રીડ સામે વિરોધ:વટામણ ટ્રાન્સમિશન લાઇન માટે એક પોલ દીઠ બે કરોડ વળતરની માગ



કામરેજ- સુરત જિલ્લામાં પાવરગ્રીડની વટામણ ટ્રાન્સમિશન લાઇનના મામલે અસરગ્રસ્ત ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોએ એક પોલ દીઠ બે કરોડ રૂપિયા વળતરની માંગ કરી છે અને સરકારી જંત્રી આધારિત વળતરનો અસ્વીકાર કર્યો છે.

આ મુદ્દે ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે 'ખેડૂત સમાજ ગુજરાત'ના નેજા હેઠળ કામરેજ તાલુકાના ધલા ગામ ખાતે અસરગ્રસ્ત ખેડૂતોની એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી.બેઠકમાં હાજર ખેડૂતોએ પાવરગ્રીડ વટામણ ટ્રાન્સમિશન લિમિટેડના અધિકારીઓ પર ગંભીર આક્ષેપો કર્યા હતા.

ખેડૂતોએ જણાવ્યું કે અધિકારીઓ તેમની સંમતિ વિના જબરદસ્તીથી કામગીરી કરવાની ધમકી આપી રહ્યા છે.ખેડૂતોના મતે, અધિકારીઓ ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ ૧૮૮૫નું ખોટું અર્થઘટન કરીને અને રદ થયેલા કાયદાનો દુરુપયોગ કરીને પોલીસ તંત્રની મદદથી દબાણપૂર્વક કામગીરી કરવા માંગે છે. ખેડૂતોએ સ્પષ્ટ કર્યું કે તેઓ આ પ્રકારની બળજબરી સામે ઝૂકશે નહીં.વળતર મુદ્દે ખેડૂતોએ આક્રમક વલણ અપનાવ્યું છે. તેઓએ સર્વસંમતિથી નિર્ણય લીધો છે કે તેઓ સરકારના જંત્રી આધારિત વળતરને સ્વીકારશે નહીં. ખેડૂતોની માંગ છે કે, જો એક પોલના બે કરોડ રૂપિયા વળતર ચૂકવવામાં આવે તો જ ટ્રાન્સમિશન લાઇનનું કામ કરવા દેવામાં આવશે. આ બેઠકમાં ખેડૂત સમાજ ગુજરાતના પ્રમુખ જયેશ પટેલ (પાલ) અને દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલ ખાસ હાજર રહ્યા હતા અને ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલ દ્વારા આ અંગે સત્તાવાર નિવેદન પણ આપવામાં આવ્યુંછે.આગામી સમયમાંખેડૂતો આ લાઇન સામેના વિરોધને કઈ દિશામાં લઈ જાય છે, તેના પર સૌની નજર રહેશે.

## બારડોલીના કાંટી ફળિયામાં કદાવર દીપડો પાંજરે પૂરાયો



**બારડોલી-** બારડોલી તાલુકાના કાંટી ફળીયા ખાતે દીપડાનો આંતક જોવા મળ્યો છે. કાંટી ફળીયાના ગોઠાણ ફળિયામાં રહેતા અશોકભાઈ લાલસિંગભાઈ ચૌધરીના વાછરડાનો શિકાર કરતા ગામમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

જે અંગેની જાણ સરપંચ પ્રતીક ચૌધરી દ્વારા વન વિભાગને કરવામાં આવી હતી. વન વિભાગે ગામના ગોઠાણ ફળિયામાં કોતર કિનારે પંજરું ગોઠવવામાં આવ્યુ આવ્યુ હતું. જેમાં રાત્રે ૯.30 એક કદાવર દીપડો પાંજરેપૂરાયો હતો. જે અંગેની જાણ વન વિભાગને કરતા કબજો લઈ સુરક્ષિત મુક્ત કરવાની કાર્યવાહી કરી હતી.

## દંડનીય કાર્યવાહી કરાઈ:વ્યારામાં ટ્રાફિક પોલીસની ડ્રાઈવ ૧૦૦ વાહનચાલકને ૪૬૦૦૦ નો દંડ



તાપી જિલ્લામાં ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર સલીમ શેખ તથા તેમની ટીમ સંકલિત આ કામગીરી દરમિયાન વાહનચ લકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સમજાવવામાં આવ્યું. હેલ્મેટ ન પહેરવા, વીમા વિના વાહન ચલાવવું, બિનલાયસન્સ વાહન ચલાવવું, તેમજ ટ્રિપલ સીટિંગ જેવા નિયમ ભંગના અનેક કેસો નોધાયા.

વ્યારા- દિવાળી તેમજ આવનારા તહેવારો દરમ્યાન શહેરમાં વધતા ટ્રાફિકના ભાર અને સુરક્ષા દૃષ્ટિએ વ્યારા ટ્રાફિક પોલીસ દ્વારા વિશેષ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી. વ્યારા શહેરના મુખ્ય માર્ગો માયપુર ત્રણ રસ્તા, વીરપુર ત્રણ રસ્તા, જનક નાકા, મિશન નાકા , કલેકટર કચેરી સહિતના વિસ્તારોમાં સવારથી સાંજ સુધી ચાલેલા આ અભિયાનમાં પોલીસ ટીમોએ તમામ વાહનોની વિગતવાર તપાસ કરી.

તાપી જિલ્લામાં ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર સલીમ શેખ તથા તેમની ટીમ સંકલિત આ કામગીરી દરમિયાન વાહનચ લકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સમજાવવામાં આવ્યું. હેલ્મેટ ન પહેરવા, વીમા વિના વાહન ચલાવવું, બિનલાયસન્સ વાહન ચલાવવું, તેમજ ટ્રિપલ સીટિંગ જેવા નિયમ ભંગના અનેક કેસો નોધાયા. આ અભિયાન દરમ્યાન આશરે ૧૦૦થી વધુ હેલ્મેટ ભંગના કેસો તથા અન્ય વિવિધ ટ્રાફિક નિયમોના ભંગ બદલ કુલ રૂ. ૪૬,૦૦૦ જેટલા દંડના ઓનલાઈન ફટકારવામાં આવ્યો હતો.

પીઆઈ સલીમ શેખે જણાવ્યું કે તહેવારોના દિવસોમાં નાગરિકોની સુરક્ષા પોલીસ માટે પ્રથમ પ્રાથમિક્તા છે. તેથી ટ્રાફિક નિયમોનું પાલન દરેક નાગરિક માટે ફરજિયાત છે. તેમણે વધુમાં ઉમેર્યું કે આવનારા દિવસોમાં પણ આવી ચેકિંગ ડ્રાઈવ સતત ચાલુ રહેશે જેથી અકસ્માતની સંભાવનાઓ ઘટે અને લોકોમાં જાગૃતિ ફેલાય. ટ્રાફિક પોલીસ દ્વારા નાગરિકોને વિનંતી કરવામાં આવી કે હેલ્મેટ તથા સીટબેલ્ટનો ઉપયોગ નિયમિત રીતે કરે અને દારૂ પીધેલી હાલતમાં વાહન ન હંકારવું. સલામત ચાલો, નિયમોનું પાલન કરો અને તહેવારોને ઉજવો એવો સંદેશ વ્યારા ટ્રાફિક પોલીસ દ્વારા આપવામાં આવ્યો.

## સહકારી ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ સેવણી મંડળી ગુજરાતમાં અવ્વલ

### અમદાવાદ ખાતે ઇફ્કો ચેરમેન દિલીપ સંઘાણી હસ્તે એવોર્ડ અર્પણ



કામરેજના સેવણી ખાતે છેલ્લા 65 વર્ષથી કાર્યરત અને હાલ 1500 થી વધુ સભાસદ ધરાવતી સેવણી સહકારી મંડળીએ વર્ષ 2024,25 મા રેકર્ડ બ્રેક 26 કરોડથી વધુની માતબર રકમનું વાર્ષિક ટર્ન ઓવર કર્યું હતુ. ત્યારે કામરેજ તાલુકામાં સહકારી ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી મંડળીની યશ કલગીમાં વધુ એક સુવર્ણ મોર પિચ્છ ઉમેરાયું છે.હાલમાં સહકારી મંડળીના રાષ્ટ્રીય સહકારીતા વિકાસ નિગમ (NCDC) દ્વારા સમગ્ર રાજ્યની પેક્સ મંડળીઓ પૈકી હાથ ધરાયેલી પસંદગી પ્રક્રિયામાં સેવણી સહકારી મંડળી રાજ્ય કક્ષાએ અવ્વલ ક્રમે રહી હતી.અમદાવાદની જર્મન હોટલ ખાતે એનસીડીસી આયોજિત મેરીટ એક્સેલેન્સ એવોર્ડ સમારંભમ પ્રસંગે ઈફકો, ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી, એનસીડીસીના રિજિયોનલ ડિરેક્ટર સંજીવકુમારના હસ્તે સેવણી સહકારી મંડળીના પ્રમુખ કિશન પટેલ, ઉપપ્રમુખ રાજેશ પટેલ, સી.સી અધ્યક્ષ અમિત પટેલ ડિરેક્ટર, ચેતન પટેલ મહેશ દેસાઈ મેનેજર કમલેશસિંહ ચૌહાણને 35 હજારનો ચેક તેમજ શીલ્ડ સ્વરૂપે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. મંડળીની અવ્વલ ક્રમની સિદ્ધિ બદલ સંસ્થાના સભ્યો કર્મચારીઓ, સભાસદો તેમજ ગ્રામજનોએ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.













ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ધામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).